**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં યોજાઈ તપસ્વીઓની અનુમોદના યાત્રા

## સે-૨૨માં જૈન દેરાસર ખાતે યોજાયાં સામુહિક પારણાં : આશરે ૮૦ તપસ્વીઓની શોભાયાત્રા યોજાઈ : મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ જોડાયા






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં આજે સે-૨૨માં શ્રી મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા રાષ્ટ્રસંત પૂ. પદમસાગજી મહારાજ સાહેબની નિશ્રામાં પર્યુષણ પર્વના તપસ્વીઓના સામુહિક પારણાં યોજાયા હતા. આ સાથે પારણાં બાદ તપસ્વીઓની અનુમોદના શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીનો કાળ ચાલી રહ્યો હોવાથી પૂ. પદમસાગરજી મ.સા.એ આ વર્ષે તમામ તપસ્વીઓના માત્ર સામુહિક પારણાં કરવા જ આદેશ કર્યો હતો અને કોઈને પણ પારણાંનુ વ્યકિતગત આયોજન કરવા પર મનાઈ કરી હતી. કાર્યક્રમમાં તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે સંયમ, સત્સંગ અને ક્ષમાપનાનું પર્વ. ગાંધીનગરના શ્રી જૈન સંઘ પરિવારોમાં આ વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન ૮૦ તપસ્વીઓએ માસ ક્ષમણ, સિધ્ધિ તપ અને અઠ્ઠાઈ સહિતના આકરાં તપ કર્યા હતા. સંવત્સરીના પવિત્ર દિવસે વિવિધ ભકિત-આરાધના સાથે છેલ્લો ઉપવાસ કરીને શનિવારે તપસ્વીઓ પૂ. પદમાગરજી મ.સા.ની આજ્ઞા અનુસાર સામુહિક પારણાં કર્યા હતા.

શ્રી ગાંધીનગર જૈન સંઘ ખાતે ૩૦ ઉપવાસના માસ ક્ષમણથી માંડીને અઠ્ઠાઈ સુધીની ૮૦ જેટલા વિવિધ તપશ્ચર્યાઓ થઈ. તેઓના બહુમાન માટે રવિવારે ભવ્યાતિભવ્ય તપસ્વીઓની અનુમોદના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક તપસ્વીઓ બગીમાં બેઠા હતા અને અનુમોદના યાત્રા ફરી હતી. આ અનુમોદના યાત્રા શહેરના માર્ગો પર થી પરત જૈન દેરાસરમાં પરત ફરી હતી. સે-૨૨ જૈન દેરાસરથી પંચદેવ મંદિર અને પંચદેવ મંદિર તરફથી ચ-૫ માર્ગથી પરત જૈન દેરાસર પરિસરમાં તપસ્વીઓની અનુમોદના યાત્રા પરત આવી હતી.

આ તમામ તપસ્વીઓનું અભિવાદન કરવા માટે જૈન દેરાસર પરિવાર દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જૈન સંઘના જૈન ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તપસ્વીઓની અનુમોદના પ્રસંગે પ્રભુજીનો રથ ગુરુદેવ સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ૭ બગી, ૨ ઉંટ ગાડી, બેન્ડવાજા સાથે શોભાયાત્રા સવારે ૮.૩૦ કલાકે શરુ થઈ હતી. પ્રભુજીનો રથ ખેંચવા માટે યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેઓએ પૂજાના વસ્ત્રો ધારણ કર્યા હતા. આ સાથે રાષ્ટ્ર સંત અને પૂ. પદ્મસાગરજી મહારાજના સાંનિધ્યમાં સામૂહિક પ્રતિક્રમણ અને ક્ષમાપના સાથે પર્યુષણ મહાપર્વનું સમાપન થયું હતું.



રોટરી કલબ દ્વારા કરાટે સ્પર્ધાનું આયોજન ડીએસપી ઓફિસના તાલીમ હોલમાં કરવામાં આવ્યું હતું. રોટરી કલબના પ્રમુખ અમીબેન શાહ, પાર્થ ઠકકર અને કરાટેના કોચ રામાભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ફેન્સીંગ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ મેળવનાર ૧૨ ખેલાડીઓનું સન્માન




ગાંધીનગર, તા.૧૨

ફેન્સીંગ એસોસીએશન ગાંધીનગર અને એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના સંયુકત ઉપક્રમે સ્પોર્ટસ એકેડમીના સહયોગથી જયોતિબા એજયુકેશન કેમ્પસ, સેકટર-૭ ખાતે વિશ્વ ફેન્સીંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પેરા ઓલમ્પિકમાં બેડમિન્ટન રમતમાં ભાગ લેનાર ગુજરાતના પ્રથમ ખેલાડી અને એર્જુન એવોર્ડી પારૂલબેન પરમાર, ફેન્સીંગ એસો.ના પ્રમુખ સંજીવ મહેતા, ફેન્સીંગ એસો. ઓફ મહેસાણાના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, ફેન્સીંગ રમતમાં ભાગ લેનાર ગુજરાતની પ્રથમ ખેલાડી રીતુબેન ચૌધરી, જોઈતીબા કોલેજના ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરત ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. ફેન્સીંગ એસો. ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સારા દેખાવ કરનાર ફેન્સીંગ રમતના ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પેરા ઓલમ્પિકમાં ભાગ લઈ ટોકિયોથી પરત આવેલ રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ સિધ્ધિ મેળવનાર પારૂલબેન પરમાર, ફેન્સીંગ રમતમાં વર્લ્ડ કપમાં ભાગ લેનાર માણસા તાલુકાના હિંમતપુરા ગામની ખેલાડી રીતુબેન ચૌધરી, ફેન્સીંગ રમતમાં સરદાર પટેલ એવોર્ડ મેળવનાર પાર્વતીબેન ઠાકોર, નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ ખાતે ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ કોચીંગનો અભ્યાસ કરી કોચની પદવી મેળવનાર હિંમતજી ઠાકોર, પ્રથમ મહિલા ફેન્સીંગ કોચ કિંજલબેન ઠાકોર, ફેન્સીંગ ટ્રેનર હાર્દીક ઠાકોર અને ફેન્સીંગ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિઓ મેળવનાર ૧૨ ખેલાડીઓનું સન્માન કર્યુ હતું. પારૂલબેને ખેલાડીઓ સાથે પોતાની જીવનસાધના વિશે વાત કરી ખેલાડીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

# સમર્પણ કોલેજમાં ‘સર્વાંગી કેળવણી’ વિષય પર વ્યાખ્યાન




ગાંધીનગર, તા.૧૨

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે મૂલ્યપ્રવાહ તજજ્ઞ વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ‘સર્વાંગી કેળવણી’ વિષય પર જયોતિબેન થાનકી (શિક્ષણવિદ)નું વ્યાખ્યાન યોજાયું હતું. જયોતિબેને સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી માતાજીના કેળવણી વિયક વિચારોથી શ્રોતાઓને અવગત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈભવ કોઠારી, હેમાબેન ભટ્ટે કર્યુ હતું. આ કાર્યક્રમમાં સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસની સૌ સંસ્થાઓના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.



પ્લાસ્ટીક હટાવોની ઝુંબેશ ચાલી રહી છે. તેમ છતાં તેનો કડક અમલ ન થતાં ઠેર ઠેર પ્લાસ્ટીકની ઝભલાં થેલીઓ જોવા મળે છે. આ થેલીઓ પ્રદૂષણ ફેલાવી રહી છે. જમીન પ્રદૂષણ પણ તેના કારણે વધ્યુ છે. જમીનમાં પ્લાસ્ટીકની થેલીઓનું આખુ પડ જોવા મળી રહ્યું છે.



વિધ્નહર્તા ગણેશજીનો ઉત્સવ મોટાંઓની સાથે હવે નાના બાળકો પણ ખુબ ભકિતભાવપૂર્વક ઉજવી રહ્યા છે. આજની આ પેઢી સ્વચ્છતા, પ્રદુષણ, પાણી બચાવો જેવા વિષયનો લઈને ખુબ સજાગ પણ છે. રાધે રેસીડેન્સમાં રહેતા નાના બાળકોએ માટીમાંથી જાતે પોતપોતાની ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવી ત્રણ દિવસ આ મહોત્સવની અનેરી ભકિતભાવપૂર્વક ઉજવણી કરી હતી.

# માટે તો ગૌધન સહિતના અબોલ જીવો માટે અત્યાધુનિક હોસ્પિટલ બનાવવી છે

## અમદાવાદના એક જીવદયા પ્રેમી જૈન યુવાને ગાંધીનગરમાં પ્રાણીઓની અબોલ જીવોની સેવા માટે સારવારની સુવિધા સાથે શેલ્ટર હોમ વિકસાવ્યું : ગુરુની પ્રેરણાથી વિકસાવેલ શેલ્ટર હોમનું ઉદ્‌ઘાટન ગુરુના હસ્તે જ કરાવ્યું

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં જ જૈનોનો મહાપર્વ પર્યુષણ પર્વનું સંવત્સરીની પાવન ઉજવણી સાથે સમાપન થયું છે. જૈન ફિલસૂફી અહીંસા અને જીવદયાને ખૂબ જ મહત્વ આપે છે. આપણે સૌ જાણીએ છીએ તેમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર હતા અને ગાંધીજીએ પણ અહીંસાનો માર્ગ અપનાવીને ભારતને અંગ્રેજોના આધિપત્યમાંથી મુક્ત કરવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. અહીંસા અને જીવદયાનો ઉપદેશ જૈન મુનિઓ સતત તેમના અનુયાયીઓને આપતાં રહે છે. અમદાવાદના શાહીબાગ ખાતે દૂર રહેતા રાજ બોથરા નામના એક જૈન યુવાન પોતાના ગુરુ પૂ.જિનમણિપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબના ઉપદેશથી પ્રભાવિત થઈને છેલ્લાં પાંચેક વર્ષથી અબોલ પશુ-પંખીની સેવામાં જોતરાયાં છે અને તેમણે ગાંધીનગર ખાતે આશરે અઢી વિઘા જમીન ભાડે રાખીને કૂતરાં-બિલાડાં જેવા પ્રાણીઓ માટે એક સારવારની સુવિધા સાથેનું ‘આશ્રય ઘર’ બનાવ્યું છે. તેમની મહેચ્છા ગૌધન સહિતના અબોલ પ્રાણીઓ અને પક્ષીઓ માટે એડવાન્સ ટેકનોલોજીની મશીનરી સાથેની અત્યાધુનિક હોસ્પિટલ તૈયાર કરવાની છે.

રાજસ્થાનના સીમાવર્તી વિસ્તાર બાડમેર જિલ્લાના બિસાલા ગામના મૂળ વતની એવા રાજકુમાર બોથરા છેલ્લાં વીસેક વર્ષથી અમદાવાદના શાહીબાગ ખાતે હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ અને હોલસેલના પોતાના પારિવારિક વ્યવસાય સાથે સ્થાયી થયા છે. રાજ બોથરા નાનપણથી જ ધર્મે જૈન હોવાથી અહિંસા અને જીવદયામા વિશ્વાસ ધરાવતાં હતાં. તેઓ મુનિ પૂ.જિનમણિપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબથી પ્રભાવિત હતા અને નિયમિત તેમનાં પ્રવચન સાંભળવા જતા હતા. મુનિસાહેબના ઉપદેશના પ્રભાવ હેઠળ જ તેઓ પાંચેક વર્ષ પૂર્વે ઉત્તરાયણના તહેવાર નિમિત્તે વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાતા કરૂણા અભિયાન અંતર્ગત પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થતા પક્ષીઓને બચાવવાના રેસ્ક્યુ કાર્યમાં જોડાયાં હતાં. રેસ્ક્યુ કાર્ય દરમ્યાન તેમને પોતાના જેવા અન્ય જીવદયા પ્રેમી મિત્રો મળ્યા જેના કારણે તેઓ બાકીના સમયમાં પણ ક્યાંક અકસ્માતે કે અન્ય રીતે ઈજાગ્રસ્ત કે ફસાયેલાં અબોલ પ્રાણી-પંખીઓના રેસ્ક્યુ કાર્ય નિયમિત રીતે કરવા લાગ્યાં હતાં અને આ સેવા કાર્યમાં પોતાના ખિસ્સામાંથી સારી એવી રકમ ખર્ચતા હતાં. ધીરે ધીરે તેમનું રેસ્ક્યુ કાર્ય વધતું ગયું હતું અને આ કાર્ય કરતા તેમના મિત્રોની સંખ્યામાં પણ વધારો થયો હતો. હવે આ બચાવકાર્ય માટે તેમણે પોતાના જીપ જેવા એક




વાહનનો ઉપયોગ કરવાનું પણ શરૂ કરી દીધું હતું જે બિમાર કે ઈજાગ્રસ્ત પશુઓને સારવાર માટે દવાખાને લઈ જવા માટે ઉપયોગમાં લેતાં હતાં. આ પછી તેમણે બિમાર કે ઈજાગ્રસ્ત પ્રાણીઓની સારવાર માટે પોતાના ખર્ચે એક વેટરનરી ડોક્ટર પગારથી નોકરીએ રાખી દીધાં હતાં. તેમના સેવાકાર્યમાં સોશ્યલ મિડીયા થકી જોડાયેલા અનેક સેવાભાવી મિત્રો ઉપરાંત દિનેશ પટ્ટણી નામના એક વડીલ રિક્ષાચાલકની ખૂબ જ મદદ પ્રાપ્ત થવા લાગી હતી.

સતત અબોલ પ્રાણીઓના રેસ્ક્યું શિક્ષણકાર્યમાં જોડાયા બાદ તેમણે અનુભવ્યું કે આ ક્ષેત્રે પણ કેટલીક સંસ્થાઓ અને સ્વયંસેવકો તેમની સેવાનો દુરુપયોગ કરે છે અને પોતાના લાભ માટે ખોટું કરતા અચકાતા નથી. આ કારણે તેમણે પોતાની જ એક સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો કે જેમાં તેઓ બિમાર કે ઈજાગ્રસ્ત અથવા ક્યાંક ફસાયેલા અબોલજીવોની શક્ય હોય તેટલી સાચા દિલથી સેવા કરી શકે. વર્ષ ૨૦૧૭માં તેમણે પોતાની બહેન ઉષાબેન અને ભાઈ અશોકભાઈની મદદથી ‘મા એનિમલ ફાઉન્ડેશન’ નામની સંસ્થા શરૂ કરી છે જેમાં




શરૂઆતમાં તેઓ સાંજના ૬ થી સવારના ૬ વાગ્યા દરમ્યાન રાત્રિના સમયે કોઈ પણ વિસ્તારમાં રેસ્ક્યુના કોલની સેવા આપવા લાગ્યાં હતાં કેમકે આ ક્ષેત્રે અમદાવાદની મોટાભાગની સંસ્થાઓ માત્ર દિવસ દરમિયાન નિશ્ચિત સમયે અને નિશ્ચિત વિસ્તારમાં જ સેવા આપતી હતી. તેમની સંસ્થા થકી તેઓ દાતાઓના દાન અને તેમના પોતાના આર્થિક યોગદાન થકી તેઓ જીવદયાનું સેવાકાર્ય કરી રહ્યાં છે.

પોતાના આ રેસ્ક્યુ કાર્ય દરમ્યાન તેમણે આશરે બે વર્ષ પહેલાં આવેલા એક જબરજસ્ત વાવાઝોડાંમાં અમદાવાદના એલિસબ્રિજ નજીકના વિસ્તારમાં પડી ગયેલા એક મસમોટા ઝાડ નીચે ફસાયેલી ૩૩ સમડીઓને ભારે જહેમત સાથે બચાવી હતી. આ ઉપરાંત અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં એક ઈમારતના બંધ કરી દેવાયેલા ભોયરામાં પાર્કિંગ પ્લેસમાં જ્યાં સમગ્ર સ્થળ પર કાદવ કિચ્ચડનું સામ્રાજ્ય હતું અને અંદર સુધી જવાનો કોઈ રસ્તો નહોતો તેવી જગ્યાએ ફસાયેલાં કૂતરાના બે ગલુડિયાંને જાતે અંદર જઈને બચાવ્યાં હતાં. એકવાર અડધી રાત્રે મળેલા કોલ અનુસાર નળ સરોવર પાસે આશરે ૧૧૦ ઘેટાંઓને કોઈ અજાણ્યો રોગ લાગુ પડી ગયો હતો જેને બચાવવા પોતાના ડોક્ટર સાથે રાત્રે એક વાગે સ્થળ પર ધસી ગયા હતા અને સવારે પાંચ વાગ્યા સુધી ઘેટાંઓની સારવાર કરી હતી. આ સારવાર પછી સતત ત્રણ દિવસ સુધી તેમણે ફોલોઅપ સારવાર પણ કરી અને મહામહેનતે ૯૦ ઘેટાંઓને બચાવવામાં સફળતા મેળવી હતી. આવા તો અનેક નાના મોટા કિસ્સા તેમનાં સેવાકાર્યો દરમ્યાન લગભગ દરરોજ સર્જાતા હતા.

આ સેવા કાર્ય દરમ્યાન તેમની ઓળખાણ ગાંધીનગરમાં રેસ્ક્યુ સેવા કરતાં વિવેક પરમાર સહિતના મિત્રો સાથે થઈ હતી જે દોસ્તીમાં પરિણમી હતી. આ દરમ્યાન તેમણે અનુભવ્યું કે ગાંધીનગર શહેરમાં પણ આ પ્રકારના અનેક કોલ આવે છે પરંતુ ગાંધીનગરમાં અબોલ પ્રાણીઓની સારવાર આપતી કોઈ સેવાકીય સંસ્થાની સેવાકીય હોસ્પિટલ કે બિમાર ઈજાગ્રસ્ત અથવા દિવ્યાંગ બનેલા અબોલ પ્રાણીઓને રાખવા માટે કોઈ શેલ્ટર હોમ નથી. આ મિત્રોની મદદથી તેમણે ગાંધીનગરના વાવોલ-કોલવડા માર્ગ પર આશરે બે વીઘા જમીનમાં પાંચ વર્ષના ભાડા પટ્ટે રાખી મા એનિમલ ફાઉન્ડેશનનું શેલ્ટર હોમ શરૂ કર્યું છે. જોતજોતામાં આ શેલ્ટર હોમમાં કૂતરા-બિલાડા જેવા પ્રાણીઓની સારવાર માટે સંખ્યા વધવા લાગી છે અને હજુ તો માંડ છ મહિના પણ થયાં નથીને આ શેલ્ટર હોમમાં લકવાગ્રસ્ત ૧૩, આંધળા ૬, બહેરાં ૩, ઈજાગ્રસ્ત ૭, અનાથ ૩ તથા સાજા ૯ મળીને કુલ ૪૧ કૂતરા-બિલાડા સારવાર સાથે આશ્રય લઈ રહ્યાં છે. આ પ્રાણીઓને સવારે દૂધ રોટલી, બપોરે ખીચડી છાસ સાથે શીરો, સાંજે રોટલી દૂધ, મકાઈ-બાજરીના રોટલા અને તહેવારના દિવસે લાડવા-શિરો જેવું ભોજન જમાડવામાં આવે છે. આ શેલ્ટર હોમ ચલાવવા માટે તેમને ડોક્ટર કમ્પાઉન્ડરનો પગાર, ભોજન દવાઓ તથા અન્ય કર્મચારીઓ અને લાઈટ બિલ ઉપરાંત જગ્યાના ભાડા સહિત અંદાજે મહિને સવા લાખ રૂપિયાનો ખર્ચ થાય છે જે માટે તેઓ પોતાના યોગદાન ઉપરાંત દાતાઓ પર જ નિર્ભર રહે છે. રાજુભાઈ માં એનિમલ ફાઉન્ડેશન વાળા તરીકે ગાંધીનગરમાં જાણીતા રાજ બોથરાનું લક્ષ્ય ગૌધન સહિતના અબોલ પ્રાણીઓ અને પક્ષીઓ માટે એડવાન્સ ટેકનોલોજીની મશીનરી સાથેની અત્યાધુનિક હોસ્પિટલ તૈયાર કરવાનનું છે આ માટે તેમણે પોતાની ફેવરિટ ખાસ અને સોનાના દાગીના પહેરવાની બાધા પણ લીધી છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
મો. ૯૮૭૯૯ ૭૩૫૨૯



પ્રિયલ કે ગોર
મો. ૯૮૨૫૨ ૫૧૧૯૯



શ્રેયાંશ સુનિલકુમાર ખાંટ

## ચોકલેટના ગણપતિની પ્રતિમા




ગાંધીનગર, તા.૧૨

ગણેશચતુર્થી નિમિત્તે ઈકો ફ્રેન્ડલી અને સંદર ફૂલોથી ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવી રહી છે ત્યારે શહેરના બાળકોએ ઘરે જ ચોકલેટના ગણપતિ બનાવ્યા હતા. રીતિકા, નૈતિક, પેશવાનીએ ઘરે જ સુંદર ચોકલેટના ગણપતિ બનાવ્યા હતા.

## ડીસ્ટ્રીકટ ગર્વનર અશોક મંગલ ૧૩મીએ રોટરી કલબ ઓફ કેપિટલ કલબની મુલાકાતે



ગાંધીનગર, તા.૧૨

રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરની ઓફિશ્યલ કલબ વિઝીટ સંદર્ભે ડીસ્ટ્રીકટ ૩૦૫૪ના ડીજી અશોક મંગલ ૧૩મીએ કલબની મુલાકાત લેશે. તેમની સાથે આસી. ડીસ્ટ્રીકટ ગર્વનર મધુકર પરીખ અને ડીસ્ટ્રીકટના ઓફિસર્સ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ સ્કુલ, સે-૧૨ ખાતે ૨૦૦ ડઝન ચોપડાનું વિતરણ કરવામાં આવશે અને ત્યારબાદ હોટલ પ્રોમીનન્ટ ખાતે સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, મંત્રી પાર્થ ઠકકર અને તમામ હોદ્દેદારોની સાથે બેઠક કરશે.

## પેથાપુર ખાતે ઉર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામે સ્થિત હઝરત ગૈબનશાહ બાવાના ઉર્ષ તા. ૧૫ સપ્ટેમ્બરને બુધવારના રોજ મનાવવામાં આવશે. જેમાં ઉર્ષના દિવસે શ્રધ્ધાળુને પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. તે ઉપરાંત દેશમાં શાંતિ અને સમૃધ્ધિની પ્રાર્થના (દુવા) કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખ યુસુફભાઈ પરમારે જણાવ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર મહેશજી અજમેલજી, ઉ.વ. ૩૮, સે-૧૫, ફતેપુરા
- સ્વ. ઠાકોર ચંપાબેન શંકાજી, ઉ.વ. ૫૯, વિરાતલાવડી
- સ્વ. ગઢવી અમરતબેન બાણીદાન, ઉ.વ. ૭૩, સેકટર-૭
- સ્વ. વ્યાસ જશોદાબેન દશરથલાલ, ઉ.વ. ૮૦, પેથાપુર
- સ્વ. વાઘેલા કમળાબેન બેચરભાઈ, ઉ.વ. ૬૫, અડાલજ